# સે-૮ આદર્શ નિવાસી હોસ્ટેલની વિદ્યાર્થિનીનું સારવારના અભાવે મૃત્યુ

## તાવથી કણસતી ૧૭ વર્ષીય વિદ્યાર્થીની રાત્રે દવાખાને જવા માટે ખુબ રડી : સિક્યુરીટી ગાર્ડ પ્રિન્સીપાલ કે વોર્ડન ફોન ઉપાડે તેની રાહ જોતો રહ્યો ને વિદ્યાર્થીનીએ હોસ્ટેલમાં જ દમ છોડયો : વાલીને કહી દીધું હોવા છતાં વિદ્યાર્થીનીને વાલી લેવા ન આવ્યા હોવાનો અધિકારીઓનો લુલો બચાવ


ગાંધીનગર, તા.૨૨

શહેરના સેકટર-૮ સ્થિત આદર્શ નિવાસી હોસ્ટેલમાં રહેતી અને આદર્શ નિવાસી શાળામાં ધોરણ-૧૧માં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય વિદ્યાર્થીનીનું સારવારના અભાવે હોસ્ટેલમાં જ કરૂણ મૃત્યુ નિપજયું હોવાની ઘટના સામે આવતા આ ઘટનાએ હોસ્ટેલના બેજવાબદાર અધિકારીઓ પર ફિટકાર વર્ષાવ્યો હતો. તાવથી કણસતી વિદ્યાર્થીની રાત્રે દવાખાને જવા ચોધાર આંસુએ રડી રહી હતી ત્યારે હોસ્ટેલમાં હાજર એક માત્ર સ્ટાફ સિકયુરીટી ગાર્ડ વોર્ડન અને પ્રિન્સિપાલ ફોન ઉપાડે તેની રાહ જોતો રહ્યો હતો. સમયસર સારવાર ન મળતા મોતને ભેટેલી વિદ્યાર્થીનીની ઘટનામાં દોષ હોસ્ટેલ અધિકારીઓ ઉપર ન આવે તે માટે લુલો બચાવ કરવામાં આવી રહ્યો છે કે વાલીને કહી દેવાયું હોવા છતાં વિદ્યાર્થીનીને વાલી લેવા આવ્યા ન હતા! સે-૭ પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પેનલ ડૉકટરથી વિડીયોગ્રાફી સાથે પોસ્ટમોર્ટમ કરાવી ઘટનાની તપાસ શરુ કરી છે.

### વોર્ડન કેમ હાજર ન હતા? તંત્ર એ નોટીસ ફટકારી..!

હોસ્ટેલમાં વોર્ડન એ ચોવીસ કલાક હાજર રહેવું તે ફરજીયાત છે તેમ છતાં વોર્ડન હોસ્ટેલમાં હાજર ન રહેતા હોવાનું આ કિસ્સામાં બહાર આવ્યું છે. સે-૮ આદર્શ નિવાસી હોસ્ટેલના વોર્ડન ગંગાબેન કેમ હાજર ન હતા? તે અંગે સફાળા જાગેલા તંત્રએ કારણદર્શક નોટીસ ઈશ્યુ કરીને વોર્ડન પાસે જવાબ માંગ્યા હોવાનું જાણવા મળ્યું છે. કદાચ વોર્ડન હોસ્ટેલમાં રાત્રે ડયુટી પર હાજર હોત તો સમયસર નિર્ણય લઈને વિદ્યાર્થીનીને હોસ્પિટલ પહોંચાડી હોત તો કદાચ તેણીનો જીવ બચી શકયો હોત...! તે ઉપરાંત તંત્ર દ્વારા દરેક આદર્શ નિવાસી હોસ્ટેલમાં વોર્ડનને ફરજ પર સતત હાજર રહેવા અને તેનું ઉપરી અધિકારીએ નિયમિત મોનીટરીંગ તથા સુપરવીઝન કરવા સુચના આપવામાં આવી છે.

મળતી માહિતી મુજબ મુળ સુરેન્દ્રનગરના પાટડી તાલુકામાં આવેલા વિસાવડી ગામની અને હાલ ગાંધીનગર શહેરના સેકટર-૮ આદર્શ નિવાસી હોસ્ટેલમાં રહેતી ૧૭ વર્ષીય અનસુયા ખેમાભાઈ સોલંકી આદર્શ નિવાસી શાળામાં અભ્યાસ કરતી હતી. બે દિવસથી તાવ અને ઉલ્ટીની બિમારીમાં સપડાયેલી આ વિદ્યાર્થીનીએ આખરે સારવારના અભાવે હોસ્ટેલમાં જ જીવ ગુમાવ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.



મૃતક વિદ્યાર્થીનીના પરિવારજનોના આક્ષેપ મુજબ બે દિવસથી બિમાર તેમની દિકરીને જે તે દિવસે સે-૨માં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રએ લઈ જઈ દવા અપાવી દીધી ત્યાર બાદ પણ તબિયત અત્યંત નાદુરસ્ત હોવા છતાં તેની કઈ સારસંભાળ રાખવામાં આવી ન હતી એ તો ઠીક ગઈ રાત્રે તાવમાં તડપી રહેલી દિકરી હોસ્પિટલ લઈ જવા કહી રહી હતી પરંતુ કોઈ તેણીને હોસ્પિટલ લઈ ગયું ન હતું. ૨૪ કલાક જેણે હોસ્ટેલમાં રહેવાનું હોય છે તે વોર્ડન પણ ગેરહાજર હતા અને પ્રિન્સીપાલ પણ હાજર ન હતાં. સિકયુરીટી ગાર્ડ બંનેને ફોન કરી રહ્યો હતો પરંતુ કોઈ ફોન નહોતું ઉપાડતું અને કોઈ વ્યવસ્થિત જવાબ નહોતું આપતું..! સારવાર માટે વિદ્યાર્થીનીને ન લઈ જવાઈ અને આખરે તેણીએ હોસ્ટેલમાં જ અંતિમ શ્વાસ લીધા હતા તો બીજી તરફ હોસ્ટેલના અધિકારીઓનું કહેવું છે કે બે દિવસ પહેલા દિકરી બિમાર હોવાથી વાલીને હોસ્ટેલથી દિકરીને લઈ જવા ફોન કરવામાં આવ્યો હતો પરંતુ વાલી લઈ ગયા ન હતાં. તેવો લુલો બચાવ કરી પોતાની બેદરકારી પર ઢાંકપીછોડો કરી રહ્યા હતા. સે-૭ પોલિસે ઘટના અંગે ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... અમારા પૈસા પડી ન જાય તે માટે ચેતવો છો... પમ તમે સાવધાન રહ્યા હોત તો... પેલો તમારા પૈસા ડુબાડી જાત નહીં...

# આત્મવિલોપનની ઘટના બાદ તંત્ર બન્યુ ડબલ એક્ટીવ

## વિધાનસભા સત્ર ચાલુ હોવાથી વિરોધનાં મોરચા સત્યાગ્રહ છાવણી સુધી આવી ન પહોંચે તે માટે રાઉન્ડ ધ કલોક : ફાયરબ્રિગેડની ટીમ અને હથિયારી પોલીસ પણ છાવણીએ તૈનાત

ગાંધીનગર, તા. ૨૨

પાટણ કલેકટર કચેરી ખાતે ભાનુભાઈ વણકરે કરેલા આત્મવિલોપન બાદ હવે ગાંધીનગરના વહીવટી અને પોલીસતંત્ર ડબલ એકટીવ થઈ ગયા છે. એક તરફ સરકાર સમક્ષ વિવિધ માંગણીઓનું લીસ્ટ લઈને વિરોધ પ્રદર્શન કરવા અનેક અરજદારો તૈયાર બેઠા છે. તો બીજી તરફ વિધાનસભા સત્ર ચાલુ હોવાથી તેમની માંગણીઓ ચર્ચાસ્પદ થાય અને સ્વિકારાઈ જાય તેવી માનસિકતા સાથે આ સમયગાળામાં વિરોધ પ્રદર્શનકારીઓ પણ એકટીવ બની જતા હોવાથી પોલીસની હાલત દયનીય થઈ જાય છે. હવે આત્મવિલોપનની ધમકીઓ પણ વધી ગઈ હોવાનું પોલીસ સુત્ર પાસેથી જાણવા મળ્યુ છે.

આ સર્જાયેલા માહોલને પગલે વહીવટીતંત્ર અને પોલીસતંત્ર ખાસ તકેદારી રાખી રહ્યું છે કે વિધાનસભા સત્ર દરમ્યાન કોઈ આંદોલનકારી કે અરજદાર આવુ અનિચ્છનીય પગલુ ભરી ન લે..! જે અંતર્ગત સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે પોલીસની તંબુ ચોકી ઉભી કરી દેવામાં આવી છે. તે ઉપરાંત એક કેમેરા વાન અને પોલીસનો રાઉન્ડ ધ કલોક બંદોબસ્ત મુકી દેવામાં આવ્યો છે. હથિયારી પોલીસને પણ સત્યાગ્રહ છાવણી ખાતે તૈનાત કરી દેવામાં આવી છે. તો બીજી તરફ ઈન્ટેલીજન્સ ઓફીસર્સની પણ સતત વૉચ આ જગ્યા પર રહે છે. સૌ પ્રથમવાર સત્યાગ્રહ છાવણી ખાતે વિધાનસભા દરમ્યાન ફાયરબ્રિગેડની ટીમ પણ એક ફાયર ફાયટર સાથે તૈનાત કરવાનો હુકમ થયો છે. તે ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં પણ એક મેડીકલ ટીમને સ્ટેન્ડ ટુ રહેવા આદેશ કરાયો છે. સત્યાગ્રહ છાવણી ખાતેથી કૉલ આવે તો કવીક રીસ્પોન્સ આપી ડોકટરની એક ટીમે સત્યાગ્રહ છાવણી પહોંચી જવા આદેશ થઈ ગયા છે.






# સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ ટ્રસ્ટમાં સભ્ય પદ જોગ

ગાંધીનગર, તા.૨૨

સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વાર ગાંધીનગરમાં છેલ્લા ઘણા વર્ષોથી સેવાકાર્ય કરવામાં આવી રહ્યું છે. આ સંસ્થામાં માત્ર સૌરાષ્ટ્ર કચ્છના જ નહી, ગાંધીનગરમાં વસવાટ કરતા રાજયભરના વિવિધ જિલ્લાના નાગરીકો પણ સંકળાયેલા છે. પ્રતિવર્ષ આ સંસ્થા દ્વારા વૃધ્ધાશ્રમ, અનાથાશ્રમ, ભિક્ષુકગૃહ, દિવ્યાંગ બાળકો, ઝુંપડપટ્ટીના બાળકો માટે જીવન જરુરી ચીજવસ્તુઓ, મેડીકલ કેમ્પ, સ્વચ્છતા અભિયાન, પશુ સારવાર, રકતદાન શિબિર સહિતના સેવાકીય કાર્યો સંસ્થા દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત સંસ્થાના સભ્યો માટે મનોરંજન કાર્યક્રમો, મ્યુઝીકલ નાઈટ્સ, નાટક, ડાયરો, સુંગમ સંગીત, નારી ઉત્સવ, કુકીંગ સ્પર્ધા, તેજસ્વી બાળકોને સન્માનવાનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા વિવિધ સેવાકીય કાર્યો થકી કુટુંબ ભાવના પ્રબળ બને અને સાંસ્કૃતિક વારસાનું જતન જળવાઈ રહે તે માટે ગાંધીનગર વાસીઓને સંસ્થાના મગનદાદા કાકડીયા દ્વારા સભ્યપદ નોંધાવા અપીલ કરવામાં આવી છે. શહેરના દરેક સેકટરમાં સંસ્થાના સભ્યો કાર્યરત છે તેમનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે. સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ ટ્રસ્ટમાં સભ્યપદ મેળવવા અંતિમ તારીખ ૩૦ એપ્રિલ રાખવામાં આવી છે.



એક દિકરી સમગ્ર પરિવારની આંખનું રતન હોય છે. એવું કહેવાય છે કે જો સૂર્યદેવના ઘરે પણ દિકરી હોત તો તેને વળાવ્યાં પછી તેમને ખબર પડત કે 'અંધારૂ કોને કહેવાય ??' દિકરી ચાહે અમીરની હોય કે ગરીબની, દિકરી થકી પરિવારમાં પ્રસન્નતા બની રહે છે. એમાં પણ નાના ભાઈ માટેનો બીજી માતાની ગરજ સારે છે. દિકરી હોય એટલે માતાને પોતાના અન્ય સંતાનોની સંભાળ કરવી આસાન બની જાય છે. તસવીરમાં દેખાતી શ્રમજીવી પરિવારની દિકરી જે કચરાનો નિકાલ કરવા માટેની હાથગાડી ચલાવે છે અને તેમાં પોતાના નાના ભઈલાને બેસાડી સે'ર પણ કરાવે છે. આ તસવીર બહેન ભાઈના પ્રેમની વણ કહ્યે અઢળક કહી દેતી કહાની સમાન છે.

# સિવિલ ઓપીડી વાઈરલ ફીવર દર્દીઓથી ઉભરાઈ

## રોજના ૨૦૦થી વધુ દર્દીઓ તાવ, શરદી-ઉધરસના નોંધાય છે, શહેરના ખાનગી કિલનીકમાં પણ દર્દીઓની લાંબી કતારો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં વાઈરલ ફિવરના દર્દીઓ ખુબ વધી રહ્યા છે. શરદી-ઉધરસ અને તાવના દર્દીઓ મોટી માત્રામાં ઓપીડીમાં સારવાર માટે આવે છે. કેટલાક દર્દીઓની હાલત અત્યંત ખરાબ હોવાથી દાખલ કરવામાં આવી રહ્યા છે. ત્યારે ગત્ તા. ૧૨ થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન ૧૨૦ થી વધુએ ઈન્ડોર તેમજ ૩૦૦ જેટલા વાઈરલ ફીવરના દર્દીઓએ સારવારનો લાભ લીધો છે. વાઈરલ ફીવરના કેસ વધતા ખાનગી દવાખાના પણ મોડીરાત સુધી ધમધમે છે અને સાંજ ઢળતા જ દર્દીઓની લાંબી કતારો ખાનગી ડોકટર્સને ત્યાં નજરે પડે છે. શહેરમાં બેવડી રૂતુને પગલે નાગરીકોમાં શ્વસનતંત્રને લગતા રોગમાં વધારો થવા પામ્યો છે. સિવિલના આઠમાં માળે વાઈરલ ફિવરના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થતા કેટલાક દર્દીઓને અન્ય વોર્ડમાં રાખવામાં આવે છે. ગાંધીનગર શહેરમાં અત્યારે હાલ નગરજનો બેવડી રૂતુનો અનુભવ કરી રહ્યા છે. સવાર-સાંજ ઠંડીનો સામનો નાગરીકોને કરવો પડે છે તો બપોરે ઘરમાં પંખો ચાલુ કરવો પડે તેવી સ્થિતિ સર્જાય છે. આ બેવડી સિઝનને પગલે છેલ્લા ૧૫ દિવસમાં શહેરમાં વાઈરલ ફિવરના દર્દીઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. શહેરમાં ઘેરઘેર બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. તાવ, શરદી-ઉધરસ, ઝાડા-ઉલ્ટી સહિતની બિમારીનો સમાવેશ થાય છે. શહેરની સિવિલની સવાર-બપોરની ઓપીડી દર્દીઓથી ઉભરાય છે. ઓપીડીમાં દર્દીઓની લાંબી લાઈનો જોવા મળે છે. જયારે આઠમા માળે દર્દીઓની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. વાઈરલ ફીવરને પગલે દર્દીઓને એડમીટ થવુ પડે તેવી સ્થિતિ સર્જાય છે. આઠમા માળેથી દર્દીઓને બીજા વોર્ડમાં એડમીટ કરીને સારવાર આપવામાં આવે છે. જયારે ખાનગી પ્રેકટીસ કરતા ડોકટર્સને ત્યાં પણ મોડીરાત સુધી ઓપીડી શરુ હોય છે. જયારે ૧૦૦ થી પણ વધુ ટોકન નંબર આવતા દર્દીઓ મોડીરાત સુધી જાગીને ડોકટર્સ પાસે ચેકઅપ કરાવે છે. હાલના તબક્કે સિવિલમાં તા.૧૨ થી ૧૮ દરમિયાન ૧૨૦જેટલા દર્દીઓને ઈન્ડોર તેમજ ૩૦૦ જેટલા દર્દીઓને ઓપીડી સારવાર અપાઈ છે. જયારે ખાનગી તબિબોને ત્યાં પણ દર્દથી કણસી રહેલા દર્દીઓ લાઈન સર કતારમાં જોવા મળી રહ્યા છે. શહેરમાં સિવિલની સાથોસાથે ખાનગી દવાખાના પણ ધમધમી રહ્યા છે.






## ચાર વર્ષથી વોન્ટેડ બુટલેગર પકડાયો

સેકટર-૨૧ પી.આઈ. નિરજ પટલે નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા ડીસ્ટાફને સુચના આપી હતી દરમિયાન ડીસ્ટાફ પીએસઆઈ પી.ડી. વાઘેલા તથા તેમની ટીમે ચોકકસ બાતમીને આધારે ચાર વર્ષથી નાસતા ફરતા બુટલેગરને પકડી પાડયો છે. ચાર વર્ષ પહેલા સેકટર-૨૧ પોલિસે રૂ. ૧.૧૮ લાખની કિંમતનો ૪૭૪ નંગ વિદેશી દારૂનો જથ્થો પકડી પાડયો હતો. આ ગુનામાં વોન્ટેડ આરોપી વિનોદ ઉર્ફે પપ્પુ ભવરલાલ બડોલને સે-૨૧ પોલિસે પકડી પાડીને દારૂ કયાંથી લવાયો હતો અને કયાં લઈ જવાતો હતો તેની પુછતાછ શરુ કરી છે.

# કાશ્મીરના ૧૮ શિક્ષકો શિક્ષણયાત્રા અંતર્ગત ગાંધીનગરની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૨

વિશ્વગ્રામના ઉપક્રમે કાશ્મીરના ૧૮ શિક્ષકોની બેઠક



જી.એસ.ઈ.આર.ટી. ખાતે ગુરૂવારે સાંજે ૭ થી ૮ કલાકે યોજવામાં આવી હતી. બેઠકમાં જી.એસ.ઈ.આર.ટી.ના શિક્ષકો તથા ડાએટ ફેકલ્ટી સાથે કાશ્મીરના શિક્ષકગણે કાશ્મીરની શાળાઓના પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી.

જી.એસ.ઈ.આર.ટી.ના ડાયરેકટર ટી.એસ. જોષીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં કાશ્મીરના શિક્ષકો દ્વારા શાળા-શિક્ષક રેશિયો વિશે વાત કરવામાં આવી હતી. કાશ્મીરથી આવેલા શિક્ષકોએ જણાવ્યું કે કાશ્મીરની શાળા તથા શિક્ષકોની સંખ્યાના રેશિયોમાં ખૂબ મોટો તફાવત જોવા મળે છે. વિશ્વગ્રામ સંસ્થાના ઉપક્રમે કાશ્મીરના ૧૮ શિક્ષકો ૧૫ થી ૨૪ ફેબ્રુઆરી સુધી ગુજરાતની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લઈને ગુજરાતની શિક્ષણ વ્યવસ્થાને સમજવાનો પ્રયાસ કરશે. આ ઉપરાંત, કાશ્મીરી શિક્ષકગણ ઈલા ભટ્ટ, રઘુવીર ચૌધરી, અનિલ ગુપ્તા, પી.કે. લહેરી, અરૂણ દવે તેમજ ભદ્રાયુ વચ્છરાજાની જેવા વડીલો સાથે સંવાદ કરશે.

ઉલ્લેખનીય છે કે આગામી દિવસોમાં ગુજરાતના ૭૦ શિક્ષકો કાશ્મીરની મુલાકાત લઈનો શિક્ષણવ્યવસ્થા પર ચર્ચા કરવાના છે. ત્યારે આ પ્રકારની શિક્ષણયાત્રાઓ દ્વારા ગુજરાત અને કાશ્મીર વચ્ચે સુંદર સેતુની રચના થશે.

# શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક ખાતે થેલેસેમિયામાં પર વાર્તાલાપ

આજના યુગમાં થેલેસેમિયા રોગ પ્રત્યે યુવા પેઢીમાં જાગૃતિ ફેલાવવી અત્યંત જરૂરી થઈ રહ્યું છે. કારણ કે બંને થેલેસેમિયા માઈનોર હોય તેવુ યુગલ થેલેસેમિયા મેજર બાળકને જન્મ આપે તેવી શકયતા ખૂબ વધી જાય છે. સે. ૨૨ સ્થિત શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક સંસ્થા ખાતે વિદ્યાર્થીઓને થેલેસેમિયા અંતર્ગત માહિતી પ્રદાન કરવા સાથે ૩૦૭ વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ પણ કરવામાં આવ્યો હતો. સંસ્થા દ્વારા દર વર્ષે 'સ્વસ્થ સમાજ થકી સ્વસ્થ રાષ્ટ્ર'ના નિર્માણ હેતુસર આ પ્રકારનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. સંસ્થાના આચાર્ય ધર્મેશ વન્ડરા દ્વારા થેલેસેમિયા ટેસ્ટ માટે સેવા સારવાર પ્રથમા લેબોરેટરી અને કર્મચારીગણ તથા વિદ્યાર્થીઓનો આભાર માનવામાં આવ્યો હતો.

# શ્રી ચોર્યાસી જથ વાળંદ સમાજના સમૂહલગ્ન

દહેગામ તાલુકાના નિલકંઠ મહાદેવ ખાતે તાજેતરમાં શ્રી ચોર્યાસી જથ વાળંદ સમાજનો ત્રેવીસમો સમૂહ લગ્નોત્સવ સમારોહ યોજાયો હતો. શ્રી ચોર્યાસી જથ વાળંદ સમાજ દહેગામ સમૂહ લગ્નોત્સવ સમિતિ આયોજિત લગ્નોત્સવમાં ૮ નવયુગલોએ પ્રભુતામાં પગલાં માંડયા હતા. આ પ્રસંગે સમાજના અગ્રણીઓ, જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવયુગલોને શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યા હતા.

## જાહેર ખબર

પોલીસ અધિક્ષકની કચેરી, સેક્ટર-૨૭, ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના પો.સ્ટે. / શાખાઓના ફેક્સ મશીનના રીપેરીંગ તેમજ સ્પેરપાર્ટસનો વાર્ષિક ઈજારો માટેની જાહેર ખબર આપવામાં આવે છે.

(૧) કોરા ટેન્ડર ફોર્મ પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીની રજીસ્ટ્રી શાખામાંથી રૂ. ૫૦૦/- ટેન્ડર ફોર્મ ફીના રોકડ ચૂકવી કચેરી સમય દરમિયાન તા. ૧/૩/૨૦૧૮ના કલાક ૧૭:૦૦ સુધીમાં મેળવી શકાશે.
(૨) ભરેલા ટેન્ડર ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા. ૫/૩/૨૦૧૮ કલાક. ૧૭:૦૦ સુધી અત્રેની કચેરીની રજીસ્ટ્રી શાખામાં સ્વીકારવામાં આવશે.
(૩) ભરેલા ટેન્ડર ફોર્મ ખોલવાની તા. ૧૨/૩/૨૦૧૮ કલાક ૧૨:૦૦ વાગ્યાનો રહેશે.
(૪) ટેન્ડર સાથે ટેન્ડર ભરનારે રૂ. ૧૫૦૦૦/- ઈ.એમ.ડી.ના પોલીસ અધિક્ષક ગાંધીનગરના નામનો ડીમાન્ડ ડ્રાફટ રજૂ કરવાનો રહેશે.

**સ્થળ : ગાંધીનગર** **સહી/-**
**તા. ૨૧/૨/૨૦૧૮** **(વિરેન્દ્ર સિંહ)**
**પોલીસ અધિક્ષક**
**ગાંધીનગર**
**માહિતી/૨૭૭૪/૧૭-૧૮**